ખંભાત(જી. ખેડા)માં તાલીમ-સહ-ઉત્પાદન કેન્દ્ર
શરૂ કરવા બાબત.

---

હંગામી જગ્યાઓની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક. બકર. ૧૩૭૯-૩૦૨૦ક-હ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૭-૪-૭૯

વંચાણમાં લીધા:- ૧: મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો
તા. ૨૦-૧૦-૭૮ નો ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૮-૫૫૬૭૦-હ.
૨: સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૯-૩-૭૯ નો
અ.સ.પ.ક: સક/મકપ/૨/ ક૨૩.

ઠ રા વ:-

---

મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૦-૧૦-૭૮ના ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૮-૫૫૬૭૦-હ અન્વયે ખંભાત (જિલ્લો ખેડા)માં તાલીમ-સહ-ઉત્પાદન કેન્દ્ર શરૂ કરવા માટે મંજુર કરવામાં આવેલી, નીચે જણાવ્યા મુજબની હંગામી જગ્યાઓની મુદત તા. ૨૯-૨-૮૦ સુધી લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| અનુક્રમ જગ્યાનું નામ. | જગ્યાની સંખ્યા. | પગાર ધોરણ |
|---|---|---|
| ૧. રેક્ટર-કમ-સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૪૨૫-૭૦૦ |
| ૨. એકાઉન્ટન્ટ-કમ-સ્ટોરકીપર | ૧ | ૩૩૦-૫૬૦ |
| ૩. ઇન્સ્ટ્રકટર (૪ વર્ગો માટે) | ૪ | ૩૫૦-૬૦૦ |
| ૪. મદદનીશ ઇન્સ્ટ્રકટર (૪ વર્ગો માટે) | ૪ | ૩૩૦-૫૩૦ |
| ૫. પટાવાળા-ચોકીદાર | ૧ | ૧૯૬-૨૩૨ |
| ૬. હેલ્પર | ૧ | ૧૯૬-૨૩૨ |

૨. ઉપરોકત જગ્યાઓ પર નિમણુંક મેળવનાર અધિકારીઓ/ કર્મચારીઓ નિયમાનુસાર મોંઘવારી ભથ્થુ અને અન્ય ભથ્થા મેળવવાને પાત્ર રહેશે.

૩. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮- સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ (૧૫) બીસીકે-૧૩૩-આર્થિક ઉત્કર્ષ તાલીમ ઉત્પાદન કેન્દ્રો '' ખાતે ઉધારવો

'૨'

અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવો.

૪. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૩-૪-૭૯ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુ. ભૂ. બક્ષી
સેક્શન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ
વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની પાંચ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર નં. ૧૬,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની પાંચ નકલો)
ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ,
નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ સહકાર, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ,
નાણાં શાખા મ.સ.ક. અને આ.વિ.વિ.
બ શાખા મ.સ.ક. અને આ.વિ.વિ.
છ શાખા મ.સ.ક. અને આ.વિ.વિ.
સિલેક્ટ ફાઇલ-ક શાખા.

કો. ૨૦/ ૪ ૮૬૪/૫૫૦ સી.સી.યુ.